# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 30-06-2025** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **અનિલ પટેલ** વાંચે છે.

---

સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

----------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# CM TRANSFER DUTY

રાજ્યના નાના અને મધ્યમ વર્ગીય લોકોના હિતમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. આ નિર્ણય મુજબ સોસાયટી, એસોસિએશન અને નોન ટ્રેડિંગ કોર્પોરેશન દ્વારા અલોટમેન્ટ લેટર - શેર સેર્ટિફિકેટથી કરાયેલી તબદીલી માટે ભરવા પાત્ર ડ્યુટીની 80 ટકા સુધીની રકમ માફ કરવામાં આવી છે. ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ 1958ની કલમ 9 (ક) અન્વયે ભરવા પાત્ર આવી રકમમાં છૂટછાટ અપાશે. આ સંદર્ભમાં હવે મૂળ ડ્યુટીના 20 ટકા તથા દંડની રકમ મળીને માત્ર લેવાપાત્ર ડ્યુટી જેટલી જ રકમ વસૂલ કરાશે. આ નિર્ણયથી હવે તબદીલીના કિસ્સાઓમાં લોકો ઉપર દંડની રકમનો કોઈ જ વધારાનો નાણાકીય બોજ પડશે નહીં.

ઉલ્લેખનીય છે કે આ નિર્ણય માત્ર સોસાયટી, એસોસિએશન અને નોન ટ્રેડિંગ કોર્પોરેશન્સ દ્વારા એલોટમેન્ટ લેટર અને શેર સર્ટિફિકેટથી કરાયેલી તબદીલીઓ માટે જ લાગુ પડશે.

. . . . . . . . . . .

# RAIN NOON

રાજ્યમાં આજે સવારથી વરસાદનું જોર ઘટ્યું છે. સવારે છ વાગ્યાથી બપોરનાં 12 વાગ્યા સુધીમાં 66 તાલુકામાં હળવો વરસાદ પડ્યો છે, જેમાં સૌથી વધુ દોઢ ઇંચ વરસાદ દ્વારકા તાલુકામાં નોંધાયો છે. રાજ્યમાં અત્યાર સુધી મોસમનો સરેરાશ 32 ટકા વરસાદ પડ્યો છે.

હવામાન વિભાગે આજે ભાવનગર, અમરેલી, ગીર સોમનાથ, દીવ, ભરૂચ, નર્મદા, સુરત ડાંગ,વલસાડ, દમણ અને દાદરા નગર હવેલી ઉપરાંત આણંદ, વડોદરા, છોટા ઉદેપુર જિલ્લામાં છુટાછવાયા સ્થળોએ ભારે વરસાદની આગાહી કરી છે.

. . . . . . . . . . .

## MEHSANA VAVETAR

મહેસાણા જિલ્લામાં આ વર્ષે એક મહિનામાં જ 33 હજારથી વધુ હેકટરમાં ચોમાસુ પાકનું વાવેતર થઈ ગયું છે. આ વર્ષે જિલ્લામાં 2 લાખ 80 હજાર હેકટરમાં ચોમાસુ પાકનું વાવેતર થવાનો અંદાજ છે. આ વર્ષે 19 હજાર 225 હેક્ટરમાં કપાસ, 118 હેકટરમાં ડાંગર, 70 હેકટરમાં બાજરી, 200 હેક્ટરમાં કઠોળ તેમજ 2 હજાર 400 હેક્ટરમાં શાકભાજીનું વાવેતર થયું છે.

. . . . . . . . . .

## NAVSARI CYBER FRAUD

નવસારી જિલ્લા પોલીસે સાયબર ફ્રોડ કરનારા 35 આરોપીઓને ઝડપી પાડ્યા છે. પોલીસે અલગ અલગ 9 ટીમો બનાવી ઓપરેશન સાયબર સ્ટ્રોમ પાર પાડ્યું છે. આ આરોપીઓએ શેર બજાર, ઓનલાઈન ટ્રેડિંગ, ખેતીવાડી લેણદેણ જેવા 10 ગુનાઓમાં 3 કરોડ રૂપિયાની ઠગાઈ કરી હોવાનું જિલ્લા પોલીસ વડા સુશીલ અગ્રવાલે જણાવ્યું હતું.

(બાઈટ : સુશીલ અગ્રવાલ, SP, નવસારી)

. . . . . . . . . . .

# UTTARAKHAND CHAR DHAM YATRA

ઉત્તરાખંડમાં ભારે વરસાદના કારણે ચારધામ યાત્રા પર લગાવાયેલો કામચલાઉ પ્રતિબંધ આજે હટાવી લેવાયો છે. ગઢવાલના અધિક્ષક વિનય શંકર પાંડેએ જણાવ્યું, યાત્રા માર્ગ પર જિલ્લા અધિકારીઓને વાહનોની અવરજવરને નિયંત્રિત કરવાના નિર્દેશ અપાયા છે. ગત 2 દિવસથી સતત વરસાદના કારણે મુખ્ય નદીઓનું જળસ્તર વધી ગયું છે. જ્યારે પર્વતીય વિસ્તારમાં ભૂસ્ખલનના કારણે 100થી વધુ માર્ગ બંધ થઈ ગયા છે.

ગંગોત્રી અને યમુનોત્રી રાષ્ટ્રીય રાજમાર્ગો સહિત ઘણા સ્થળ પર ભૂસ્ખલનના પણ અહેવાલ છે. કાટમાળ હટાવવા માટે મશીનો અને કર્મચારીઓ કામ કરી રહ્યા છે, પરંતુ સતત વરસાદના કારણે માર્ગ પૂર્વવત્ કરવાના કામમાં મુશ્કેલી આવી રહી છે. હવામાન વિભાગે આજે ઉત્તરાખંડના કેટલાક વિસ્તારમાં મુશળધાર વરસાદની ચેતવણી જાહેર કરી છે અને સ્થાનિકો તથા તીર્થયાત્રીઓને સતર્ક રહેવાની સલાહ પણ આપી છે.

. . . . . . . . . . .

# KAILASH-MANSAROVAR-YATRA

આજથી કૈલાસ માનસરોવર યાત્રાનો પ્રારંભ થઇ રહ્યો છે. કોરોનાને કારણે સ્થગિત કરવામાં આવેલી આ યાત્રા પાંચ વર્ષના સમયગાળા બાદ શરૂ થઈ રહી છે. આ વર્ષે, કૈલાસ માનસરોવર યાત્રા સિક્કિમના નાથુલા પાસ અને ઉત્તરાખંડના લિપુલેખથી શરૂ કરાશે. વિદેશ મંત્રાલયના જણાવ્યા અનુસાર આ  યાત્રા આગામી ઓગસ્ટ મહિના સુધી ચાલશે. સિક્કિમ સરકાર યાત્રાળુઓની સલામતી સુનિશ્ચિત કરવા માળખાગત સુવિધાઓમાં વધારો કરી રહી છે. આ યાત્રા હિન્દુઓ, જૈનો અને બૌદ્ધો માટે ઊંડું આધ્યાત્મિક મહત્વ ધરાવે છે અને કૈલાસ પર્વતને ભગવાન શિવનું નિવાસસ્થાન માનવામાં આવે છે.

. . . . . . . . . . .

# DAMAN DHARTI ABAA

કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા નગર હવેલીમાં જન જાગૃતિ ગૌરવ વર્ષ ઉજવણી અંતર્ગત ધરતી આબા જન ભાગીદારી કાર્યક્રમ સેલવાસની રખોલી પંચાયતમાં યોજાયો. જેમાં જિલ્લા વહીવટીતંત્ર દ્વારા પ્રશાસન આપને દ્વાર કાર્યક્રમ અંતર્ગત સ્થળ પર જ નાગરિકોના કામોના ત્વરિત નિકાલ માટે મહેસુલ વિભાગ, આરોગ્ય, પરિવહન, વન વિભાગ, શિક્ષણ વિભાગ,મતદાર યાદી સુધારા,આધાર સેવાના સ્ટોલ લગાવી સુવિધા પૂરી પાડવામાં આવી હતી.

. . . . . . . . . . .

# BHAVNAGAR SANMAN

કેન્દ્રીય મંત્રી નિમુબેન બાંભણિયાએ કહ્યું, સરપંચ એ પદ કરતાં પણ સેવાની જવાબદારી વિશેષ છે. ભાવનગર જિલ્લા ભાજપ દ્વારા સિહોરમાં યોજાયેલા સરપંચ અભિવાદન સમારોહમાં તેમણે આ મુજબ જણાવ્યું હતું. આ સમારોહમાં કેન્દ્રીય મંત્રી અને ધારાસભ્યોની ઉપસ્થિતિમાં સરપંચોનું સન્માન કરવામાં આવ્યું હતું.

. . . . . . . . . . .